Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૪૭
તા.૧૩-૧૦-૨૦૧૭, શુક્રવાર
સંવત ૨૦૭૩ આસો વદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૩૭ સૂર્યાસ્ત : ૦૬:૧૬

તાપમાન

| | | | |
|---|---|---|---|
| ડીસા | ૪૦.૫ | વડોદરા | ૩૬.૫ |
| અમદાવાદ | ૩૭.૮ | સુરત | ૩૪.૪ |
| ગાંધીનગર | ૩૮.૦ | નલિયા | ૪૦.૪ |

ચાંદી : ૪૦,૫૦૦ સોનું : ૩૦,૫૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71 Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...










# દિવાળી પર 'ચૂંટણી ભેટ' કર્મચારીઓને બોનસ, રહેમરાહે ભરતી

**રાજ્ય સરકારે અનેક રાહતલક્ષી જાહેરાતો કરી, હાર્દિક પટેલ સહિત અન્ય પાટીદારો વિરુદ્ધ ૪૨ મોટાં કેસ યથાવત, સરકારે ૨૩૬ કેસ પાછા ખેંચ્યાં, ગુજરાતના મહાનગરોનો એક સમાન વિકાસ થાય અને બાંધકામના નિયમો એક સમાન લાગુ પડે, અને લોકોને તેનો લાભ મળે તે માટે કોમન જીડીસીઆર બનાવવાની જાહેરાત, આઠ લાખથી વધુ કર્મચારીઓના ડીએમાં વધારો રોકડમાં ચૂકવાશે**

ગાંધીનગર

રાજ્ય સરકારે ગુજરાતના સરકારી કર્મચારીઓને દિવાળીની ભેટ આપતા કેટલાંક મહત્વપૂર્ણ નિર્ણયો લીધાં છે. જેમાં વાલ્મિકી સમાજના રોજમદારો તરીકે કામ કરતાં લોકોને કાયમી કરવા, અકસ્માતે મૃત્યુના કેસમાં રહેમરાહે નોકરી આપવા, દિવાળી બોનસ તરીકે રૂપિયા ૩૫૦૦ની મર્યાદામાં ચૂકવણી કરવાના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેનો લાભ વાલ્મિકી સમાજ ઉપરાંત સરકારમાં, પંચાયતમાં, બોર્ડ નિગમોમાં કામ કરતાં વર્ગ ૪ના કર્મચારીઓને લાભ મળશે.

નીતિન પેટેલ કહ્યું હતું કે, "અમદાવાદ શહેરમાં જે રિંગ રોડ છે તેના પરથી કાર અને ટુ વ્હિલર વાહનોને મુક્તિ આપવામાં આવી છે, માત્ર મોટા વાહનો પાસેથી જ ટોલ ટેક્સ લેવામાં આવશે. ગુજરાત સરકારના વર્ગ ૪ના જે કર્મચારીઓ છે જેની સંખ્યા ૩૫૦૦૦ જેટલી થાય છે તેને આગામી દિવાળીને ૩૫૦૦ રૂ મર્યાદામાં બોનસ ચૂકવવામાં આવશે. આનો લાભ રાજ્ય સરકાર ઉપરાંત પંચાયત અને બોર્ડ નિગમના વર્ગના ૪ જે કર્મચારીઓ છે તેને આ વર્ષે દિવાળી નિમિત્તે બોનસ ચૂકવાશે." નીતિન પેટેલ કહ્યું હતું કે, "સફાઈ કામદારો માટે ૧૬૨ પાલિકા અને મહાનગર પાલિકામાં સફાઈ કામદારો અને બહેનો સેવા બજાવે છે અત્યારસુધી શહેરી વિકાસ વિભાગની એક નિયંત્રણમાં હતું. જે રોજમદારને કાયમી કરવા માટે જે ને ૪૮ ટકાથી ખર્ચ થતો હોય તો તેને કાયમી કરવા મંજૂરી નહોતી મળતી. અમારી સામે આ અંગે રજૂઆત કરવામાં આવી હતી કે મોટા ભાગે આ લોકો રોજમદાર તરીકે કાર્ય કરે છે અને ૪૮ ટકાથી ખર્ચ વધું થતો હોવાથી રાજ્યસરકાર મંજૂરી નથી આપતી." નીતિન પેટેલ કહ્યું હતું કે, "સરકારે તાકિદે નિર્ણય લઈને ૪૮ ટકા ખર્ચ વાળી કલમમાંથી મુક્તિ આપવામાં આવી છે. તેથી હવે સફાઈ કામદારો જે રોજમદાર તરીકે કામ કરતાં હતા તેમને કાયમી કરી શકાશે. તેમને મોંઘવારી તેમજ અન્ય ભથ્થાઓનો લાભ મેળવી શકાશે." નીતિન પેટેલ કહ્યું હતું કે, " બીજો એક અગત્યનો નિર્ણય સફાઈ કામદારોને અનુલક્ષીને કર્યો છે. રાજ્ય સરકારે રહેમરાહે નોકરીની પ્રથા બંધ કરી છે.

## ગુજરાતમાં ૧૮મી ડિસેમ્બર પૂર્વે ચૂંટણી યોજાશે : પંચની સ્પષ્ટતા

નવી દિલ્હી

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી માટે આજે કાર્યક્રમ જાહેર થતાં આની ચર્ચા જોવા મળી હતી. જો કે, આ સંદર્ભમાં ચૂંટણી પંચે કેટલાક તારણો આપ્યા હતા. ગુજરાતમાં ચૂંટણીની તારીખોમાં હજુ વિલંબ થઇ શકે છે. જો કે, ચૂંટણી પંચે સાફ શબ્દોમાં કહ્યું છે કે, ગુજરાત ચૂંટણી પણ ૧૮મી ડિસેમ્બર પહેલા જ યોજાઈ જશે. ચૂંટણીની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવી શકે છે. ગુજરાતના ચીફ સેક્રેટરીઅને રાજ્ય સરકારે ચૂંટણી પંચને પત્ર લખીને વધારાના સમયની માંગણી કરી હતી. કારણ કે, જુલાઈ મહિનામાં આવેલા પુર અને રાહત અને પુનઃવસવાટના કામો હજુ પરિપૂર્ણ કરવામાં આવ્યા નથી. મુખ્ય ચૂંટણી કમિશનર એકે જ્યોતિ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી હતી. માર્ગો સંપૂર્ણપણે ધોવાઇ ગયા હતા. સપ્ટેમ્બર મહિનામાં રાહત કામગીરીની શરૂઆત કરવામાં આવી હતી જેથી રાજ્ય સરકારે આચારસંહિતા અમલી બને તે પહેલા વધારાના સમયની માંગણી કરીહતી. આ ઉપરાંત પણ ચૂંટણીપંચે અન્ય કેટલાક કારણો આપ્યા હતા. જો કે, પંચે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી ૧૮મી ડિસેમ્બર પહેલા પરિપૂર્ણ કરી લેવામાં આવશે.

## હિમાચલમાં ચૂંટણીનું રણશિંગુ ફુંકાયું : ૯મી નવેમ્બરે મતદાન

નવી દિલ્હી

ચૂંટણી પંચે હિમાચલ પ્રદેશ વિધાનસભાની ચૂંટણી માટે તારીખોની આજે જાહેરાત કરી હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. હિમાચલ પ્રદેશમાં એક જ તબક્કામાં નવમી નવેમ્બરના દિવસે મતદાન થશે અને ૧૮મી ડિસેમ્બરના દિવસે મતોની ગણતરી થશે. આ વખતે રાજ્યમાં પણ આમા મતદાન મથકો ઉપર વીવીપેટનો ઉપયોગ કરવામાં આવનાર છે. દેશમાં હિમાચલ પ્રદેશ એવું પ્રથમ રાજ્ય બનશે જ્યાં તમામ મતદાન મથકો પર વોટર વેરિફાઇડ પેપર ઓડિટ ટ્રાયલનો ઉપયોગ કરવામાં આવશે. ચૂંટણીની જાહેરાતની સાથે હિમાચલ પ્રદેશમાં આચારસંહિતા અમલી બની ગઈ છે. ચૂંટણી પંચે ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે આજે તારીખોની જાહેરાત કરી ન હતી જેની ચર્ચા રહી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર અચલકુમાર જ્યોતિએ હિમાચલ પ્રદેશમાં વિધાન સભાની ચૂંટણી માટે તારીખોની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતુંકે, રાજ્યમાં નિષ્પક્ષ ચૂંટણીની ખાતરી કરવા માટે મોટી તૈયારી કરવામાં આવી છે.



















